Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય–પરિચય.


| | | |
|---|---|---|
| ૧ શ્રી ઉપમિતિભવપ્રપંચાકથાનું ભાષાંતર... | 'મનોનંદન' ... ... | ૩૦૭ |
| ૨ લીચ્છવી જાતી. ... ... | રા. સુશિલ ... ... | ૩૧૦ |
| ૩ અમારી પૂર્વદેશની યાત્રા. ... | મુનિશ્રી દર્શનવિજયજી મહારાજ | ૩૧૩ |
| ૪ અલ્લુકૃત ભાવના... | મોહનલાલ દલીચંદ દેશાઇ એડવોકેટ ... ... | ૩૧૮ |
| ૫ હિન્દુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા. | નરોતમ બી. શાહ ... | ૩૨૨ |
| ૬ ગુરૂજીની ઉપાસના. ... ... | રા. ચોકશી ... ... | ૩૨૫ |
| ૭ શ્રાવકાચાર. ... ... ... | આત્મવલ્લભ ... ... | ૩૨૭ |
| ૮ સ્વીકાર સમાલોચના | ... | ૩૨૮ |


## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ૩૧–૩૨ મા વર્ષની ભેટ.

શ્રી આત્માનંદ પ્રકાશના એકત્રીશ બત્રીશમા વર્ષની ભેટ તરીકે યુરોપીય વિદ્વાન અને જૈનધર્મના પ્રખર અભ્યાસી મી॰ હરબર્ટ વૉરનનો લખેલ " જૈનીઝમ " જૈનધર્મ વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની દષ્ટિએ ( જીવનના મહાન્ પ્રશ્નોનું જૈનદર્શનથી સમાધાન) તેનું ગુજરાતી ભાષાંતર કરાવી અમારા માનવંતા ગ્રાહકોને આપવાનો છે. જૈનધર્મના તત્ત્વજ્ઞાન ઉપર લખેલ આ ગ્રંથ મનનપૂર્વક જૈન અને જૈનેતર તેમજ સાક્ષરો, વિદ્વાનો અને જિજ્ઞાસુઓને ખાસ વાંચવા જેવો છે. કિંમત એક રૂપૈયો.

પુસ્તક ૩૧ અને ૩૨ ના બે વર્ષના લવાજમના રૂા. ૨–૮–૦ અને વી. પી. ખર્ચના રૂા. ૦–૬–૦ મળી મળી કુલ રૂા. ૨–૧૪–૦ નું અશાડ વદ ૫ના રોજથી ભેટના પુસ્તકનું વી. પી. કરવામાં આવશે.

બે વર્ષના લવાજમના રૂા. અઢી તથા ટપાલખર્ચના ત્રણ આના મળી કુલ બે રૂપીઆ અગીયાર આનાનું મનીઓર્ડર કરનાર ગ્રાહકોને વી. પી. નહીં કરતાં ભેટની બુક સાદા બુકપોસ્ટથી રવાના કરવામાં આવશે, જેથી વી. પી. ખર્ચનો બચાવ તે બંધુઓને થશે.

વી. પી. નહિં સ્વીકારનાર બંધુઓએ અમોને તુર્તજ લખી જણાવવું જેથી સભાના જ્ઞાનખાતાને નુકશાન તથા પોસ્ટખાતાને ખાલી મહેનત ન થાય.

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને નમ્ર નિવેદન.

આ સભાના માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ આપવા માટે પાંચ ગ્રંથો તૈયાર થવા આવ્યા છે. આવતા પર્યુષણ લગભગ તૈયાર થશે. જે તેઓશ્રીને ધારા પ્રમાણે મોકલવામાં આવશે.

ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક અનુક્રમણિકા.

## આત્માનંદ પ્રકાશ પુ. ૩૧. અંક. ૧ થી ૧૨.


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | માંગલ્યારાધન ( કાવ્ય ) | (વેલચંદ ધનજી) .... .... .... | ૧ |
| ૨ | નૂતનવર્ષનું મંગળમય વિધાન. | .... ... .... .... ... | ૩ |
| ૩ | કર્મસ્વરૂપ અને ફળ. | (ગાંધી) .... ... .... .... | ૧૧ |
| ૪ | આરોગ્યતા. | (નરોત્તમ બી. શાહ) .... .... .... .... | ૧૩ |
| ૫ | જીવનસિદ્ધિ. | (વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ B. A.) .... .... | ૧૫ |
| ૬ | ધ્યેય ચૂકયો માનવી. | (નાગરદાસ મગનલાલ દોશી B. A.) .... | ૨૦ |
| ૭ | ભાવનાનું સંક્ષિપ્ત સ્વરૂપ. | (સદ્‌૦ શ્રી કર્પૂરવિ૦ મહારાજ) .... | ૨૨ |
| ૮ | સ્વીકાર સમાલોચના. | | ૨૫–૪૯–૭૨–૯૮–૧૨૧–૧૪૯–૧૭૭–૨૦૪-૨૩૨–૩૨૮ |
| ૯ | શ્રી ઉપમિતિભવપ્રપંચાકથાનું ભાષાંતર. ( કાવ્ય ) | (મનોનંદન) | ૨૭–૫૧ ૮૪–૧૧૮–૧૩૧–૧૫૩–૧૭૯-૨૦૮–૨૩૪–૨૮૧–૩૦૭ |
| ૧૦ | અગીયાર અંગોમાં નિરૂપણ કરેલ શ્રી તીર્થંકર ચરિત્ર. | (મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ) .... | ૩૩–૫૪–૯૦ |
| ૧૧ | અમારી પૂર્વદેશની યાત્રા. | (મુનિ શ્રી ન્યાયવિજયજી મહારાજ) | ૩૫–૫૮ ૧૦૦–૧૪૪–૧૫૬–૧૮૨–૨૧૧–૨૯૬–૩૧૩ |
| ૧૨ | જૈન આચાર | (શુદ્ધઆચારઇચ્છક.) | ૩૮–૬૭–૯૭–૧૧૪–૧૩૩–૧૫૯–૧૮૯–૨૮૪–૩૨૭ |
| ૧૩ | પરિસ્થિતિ સમજો. | (નાગરદાસ મગનલાલ દોશી B. A.) .... | ૪૦ |
| ૧૪ | માનુષિક જીવન. | (વીરકુમાર) .... .... .... .... .... | ૪૩ |
| ૧૫ | ક્ષમાપના. | (ચત્રભુજ જેચંદ શાહ B. A. L. L. B.) .... | ૪૭ |
| ૧૬ | વર્તમાન સમાચાર. | .... ... | ૫૦–૧૨૩–૧૫૦–૧૭૪–૨૫૫–૩૦૪ |
| ૧૭ | આત્માનું અનંતરૂદન. | (વિનયકાંત કાંતિલાલ મહેતા) ... ... | ૬૨ |
| ૧૮ | પરિવર્તન. | (નાગરદાસ મગનલાલ દોશી B. A.) .... | ૬૪–૭૬ |
| ૧૯ | મનનું રહસ્ય અને તેનું નિયંત્રણા. | (વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ B. A.) | ૬૯-૧૩૮ |
| ૨૦ | અધ્યાત્મ ભાવના પદ. (કાવ્ય) | (વિનયકાંત કાંતિલાલ મહેતા) .... | ૭૫ |
| ૨૧ | છાત્રાલયમાંથી સંગ્રહિત. | (સદ્‌૦ શ્રી કર્પૂરવિ૦ મહારાજ) .... | ૭૯ |
| ૨૨ | જીવનનાં મૂલ્ય. | (કસ્તુરચંદ હેમચંદ દેશાઇ) .... .... | ૮૨ |
| ૨૩ | વ્યકિતત્વ પ્રાપ્ત કરવા માટે સંપૂર્ણ યોગ્યતાની જરૂર. | (ગાંધી) .... | ૯૪ |
| ૨૪ | સાચી એષણા. | (સંગૃહિત) .... .... .... .... .... | ૯૬ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૫ શ્રી મહાવીરજિન વંદન. (કાવ્ય) (શા બાબુલાલ પાનાચંદ) ... ૯૯
૨૬ અધ્યાત્મ જ્ઞાન યાને બ્રહ્મવિદ્યા. (વીરકુમાર) .... .... ૧૦૬
૨૭ મદ-માન-અભિમાન. (આત્મવલ્લભ) .... .... .... ૧૧૨
૨૮ શ્રી મહાવીર સંદેશ. (કાવ્ય) (સદ્૰ શ્રી કર્પૂરવિ૦ મહારાજ) ૧૨૯
૨૯ શિવપદ સોપાન. (આત્મવલ્લભ) .... .... .... .... ૧૩૫
૩૦ આજે સમાજને કેવા આગેવાનની જરૂર છે ? (જ્ઞાતિ સમાજસેવક) ૧૪૮
૩૧ મુનિ સંમેલન સંબંધી કંઇક. .... .... .... .... .... ૧૫૨-૧૭૨
૩૨ કુરૂક્ષેત્રમાં ધર્મ બીજારોપણ. (મુનિ શ્રી દર્શનવિજયજી મહારાજ) ૧૬૧-૧૯૯
૩૩ સદ્‌વિચાર સામર્થ્ય. (વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ B. A.) .... .... ૧૬૪
૩૪ લાંબુ આયુષ્ય અને નિરોગી જીંદગી. (પ્રભુદાસ બેચરદાસ પારેખ) ૧૬૭
૩૫ દ્રવ્યગુણપર્યાય વિવરણ. (શંકરલાલ ડાયાભાઇ કાપડીયા) ૧૬૯-૨૮૬
૩૬ હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા. (નરોત્તમ બી. શાહ) ૧૮૫-૨૧૮-૩૦૧-૩૨૨
૩૭ આત્મચિંતન. (ચોકસી) .... .... .... .... .... ૧૮૭
૩૮ સત્ય જ્ઞાન. (કાવ્ય) (મુનિ શ્રી લબ્ધિવિજયજી મહરાજ) .... ૧૯૦
૩૯ શિલ્પના બે જૈન ગ્રંથો. (મુનિ શ્રીહિમાંશુવિજયજી મહારાજ) .... ૧૯૧
૪૦ શ્રીમાન્ હંસવિજયજી મહારાજનો સ્વર્ગવાસ..... .... .... .... ૨૦૫
૪૧ સાધુ સંમેલન માટે દેહગામમાં મંત્રણા. .... ... .... .... ૨૦૬
૪૨ હૃદયરંગ. ( કાવ્ય ) (વેલચંદ ધનજી) ... .... ૨૦૭
૪૩ લિચ્છવી જાતિ. (શ્રીયુત્ ભીમજીભાઇ સુશીલ) .... ૨૧૪ ૨૪૦-૩૧૦
૪૪ સુવાસિત પુષ્પો. (વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ B. A.) .... ૨૨૨
૪૫ ગુરૂજીની ઉપાસના. (ચોકસી) .... .... .... ૨૨૭-૩૨૫
૪૬ જંયતિનો બોધપાઠ. .... ,, .... .... .... .... .... ૨૨૯
૪૭ મોહ ન હો. ( કાવ્ય ) (વેલચંદ ધનજી) .... .... .... ૨૩૩
૪૮ અરહુકૃત ભાવના. (મોહનલાલ દલીચંદ દેશાઇ એડવોકેટ) ૨૩૬-૨૮૯-૩૧૮
૪૯ સદ્બોધ અથવા સન્નીતિદર્શક વચનામૃત. (સં૦ શ્રી કર્પૂરવિ૦ મહારાજ) ૨૪૪
૫૦ મુનિ સંમેલનનો નિર્ણય. .... .... .... .... .... .... ૨૪૮
૫૧ બે આચાર્યોનો સ્નેહભર્યો વિહાર. .... .... .... .... ... ૨૫૩
૫૨ કોન્ફરન્સનું અધિવેશન અને ઠરાવો. ... .... ... .... .... ૨૫૫
૫૩ આ સભાની વર્તમાન સ્થિતિ. .... .... .... .... .... ૨૭૧
૫૪ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીની ૩૯ મી સ્વર્ગવાસ તિથિ. .... ૨૯૮


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

भावयेद्यथासङ्ख्यम् । मैत्रीं सर्वसत्त्वेषु । क्षमेऽहं सर्वसत्त्वानाम् । मैत्री मे सर्वसत्त्वेषु । वैरं मम न केनचिदिति ॥ प्रमोदं गुणाधिकेषु । प्रमोदो नाम विनयप्रयोगः । वन्दनस्तुतिवर्णवादवैयावृत्त्यकरणादिभिः सम्यक्त्वज्ञानचारित्रतपोऽधिकेषु साधुषु परात्मोभयकृतपूजाजनितः सर्वेन्द्रियादिभिर्व्यक्तो मनःप्रहर्ष इति ॥ कारुण्यं क्लिश्यमानेषु। कारुण्यमनुकंपा दीनानुग्रह इत्यनर्थान्तरम् ॥ तन्मोहाभिभूतेषु मतिश्रुतविभङ्गाज्ञानपरिगतेषु विषयतर्षाग्निना दन्दह्यमानमानसेषु हिताहितप्राप्तिपरिहारविपरीतप्रवृत्तिषु विविधदुःखार्दितेषु दीनकृपणानाथबालमोमुहवृद्धेषु सत्त्वेषु भावयेत् ॥ तथाहि भावयन् हितोपदेशादिभिस्ताननुगृह्णातीति ॥ माध्यस्थ्यमविनेयेषु । माध्यस्थ्यमौदासीन्यमुपेक्षेत्यनर्थान्तरम् ॥

तत्त्वार्थभाष्य—सप्तम अध्याय.

पुस्तक ३१ } वीर सं. २४६०. अषाढ. आत्म सं. ३९ { अंक १२ मो.

## મહાત્માશ્રી સિદ્ધર્ષિપ્રણીત ઉપમિતિ ભવપ્રપંચાકથાનું સપદ્ય–ગદ્ય ભાષાંતર.

( ગતાંક પૃષ્ઠથી ૨૮૩ શરૂ. )

### ધર્મ૦ નો ઉપાલંભ : કદન્નત્યાગ અને પરમાન્નગ્રહણનો આગ્રહ.

પછી—

રંકને ઉપાલંભ—

મંદાક્રાન્તા.

તે કુઅન્નને દગ ફરી ફરી ફેંકતાં રંક પ્રાણી
અાયે ભાખે ઈતર નર તે તાસ વિચાર જાણી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" રે ! દુર્બુદ્ધિ ! [1]દ્રમક ! કયમ તું શું જ જાણે નહિં એ ?
આ કન્યા જે પરમ તુજને અન્ન આપી રહી એ. ૨૩૦-૨૩૧

હોય પ્રાયે બહુ પણ બીજા રંક તો પાપભાગી,
આ તો સુનિશ્ચિત મુજ થયું-તું સમો ના અભાગી;

( કારણ કે )

[2]સુધા જેવું મુજથકી અપાવાતું આ શ્રેષ્ઠ અન્ન,
નિરાંતે તું ગ્રહણ ન કરે ! ગાઢ ઇચ્છી કદન્ન ! ! ૨૩૨-૨૩૩

દુ:ખી [3]સત્ત્વો અપર પણ આ સદ્મ મ્હારે રહેલા,
ના તેમાં આદર અમતણો, ના નૃપે તે દીઠેલા;

તું દેખી આ ભવન મન આહ્લાદ પામ્યો જરાય,
તેથી ત્હારા પર નૃપકૃપા ઉતરેલી કળાય. ૨૩૪-૨૩૫

*' સ્વામીકેરૂં પ્રિય, પ્રિય કરે સેવકો સર્વકાલ, '
એ ન્યાયાર્થે તુજ પ્રતિ અમે ભદ્ર ! છીએ દયાળ;

' સમ્યગ્લક્ષી † નૃપતિ ન કરે આ અપાત્રે મતિ ' એ,
ખોટો પાડયો દઢ અમ [4]અવષ્ટંભ તેં દુર્મતિએ. ૨૩૬-૨૩૭

**કદન્ન તજ ! સદન્ન ભજ !**

[5]સર્વ વ્યાધિહર મધુર આસ્વાદવાળું સદન્ન,
કાં લે ના તું ? નિજ મનમહીં તુચ્છ ઇચ્છી કદન્ન ! ! !

## ( તેથી )

દુર્બુદ્ધિ ! એ તજ ! ગૃહ અરે ! એહ વિશેષભાવે,
જો ! પ્રાણીઓ ભવનમહિં આ મોદતા તે પ્રભાવે. ૨૩૮-૨૩૯

---

૧ દરિદ્ર, રંક ૨ અમૃત, ૩ પ્રાણીઓ. ૪. આધાર, ઓથ, અવલંબન ૫. સર્વ રોગ હરનાર, દૂર કરનાર.

* જે સ્વામીને પ્રિય હોય તે સેવકોને પ્રિય હોય, એ ન્યાયના વિધાન અર્થે અમે ત્હારા પ્રત્યે દયાળુ છીએ.

† સમ્યગ્ લક્ષ્યવાળા આ રાજા ( સુસ્થિત ) અપાત્ર પ્રત્યે કૃપાદૃષ્ટિ કરતા નથી, એવો જે અમારો અવષ્ટંભ-આધાર હતો તે હે રંક ! તેં ખોટો પાડયો છે-મિથ્યા કર્યો છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## રંકની વિજ્ઞાપના : કદન્ન ન મૂકવાના કારણો.

દોહરા.

વિશ્વાસ ઉપજ્યો અને, નિર્ણય પ્રગટયો તેમ;
તોય ત્યાગના વચનથી, રંક ઉચ્ચર્યો એમ. ૨૪૦

શિખરિણી.

" કહ્યું જે નાથે તે સકલ જ મને સત્ય દીસતું,
પરંતુ વિજ્ઞાપું વચન મુજ તે એક સુણ તું;
અહો સ્વામી ! જે આ ઘટકીબ વિષે અન્ન વરતે,
સ્વભાવે પ્રાણોથી પણ પ્રભુ ! મને પ્રિયતર તે. ૨૪૧-૨૪૨
ઉપાર્જ્યું તે કલેશે, [૬]સમયમહિં [૭]નિર્વાહક બને,
તમારૂં આ કેવું ? ખબર પણ તેની ન જ મને;
ન આ સ્વામી ! મ્હારે ઉચિત તજવું કોઇ રીત જો,
અપાવો આ સાથે તમતણુંય દેવું ઉચિત જો. ૨૪૩-૨૪૪

## ધર્મબોધકરનું આશ્ચર્ય : રંકની શંકાઓનું સમાધાન.

દોહરા.

ધર્મબોધકર ચિન્તવે, સુણી વચન તે તાસ;
" જુઓ ! અચિન્ત્ય સમર્થ આ, મહામોહ ઉલ્લાસ ! ! ! ૨૪૫
જેથી સર્વ વ્યાધિકરા, આ કદન્નમાં રક્ત;
મુજ અન્નને ના ગણે, તૃણ સમું પણ ફક્ત ! ૨૪૬
તોય બાપડાને દઉં, શિક્ષા પુન: જરાય;
વિલય પામે મોહ તો, હિત પરમ તસ થાય. " ૨૪૭

**મનોનન્દન.**

૬ અવસર આવ્યે, કોઇ સમયે, કોઈ વખતે. ૭ નિર્વાહ કરાવે એવું, જેથી ગુજરાન ચાલે એવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# લિચ્છવિ જાતિ.

લે. શ્રીયુત્ ભીમજીભાઇ સુશીલ.

( ગતાંક પૃષ્ટ ૨૪૩ થી શરૂ )

## લિચ્છવીની ઉત્પત્તિ: દંતકથા.

“ખુદ્દકપાઠ” ની પરમથ્થજોતિકામાં, બુદ્ધઘોષ, લિચ્છવિઓની ઉત્પત્તિના સંબંધમાં એક દંતકથા ઉતારે છે.

વારાણુસીની પટરાણી ગર્ભવતી હતી ત્યારે રાજાએ ગર્ભની રક્ષા માટે ઘણાં ઘણાં અનુષ્ઠાન કર્યાં. બરાબર વખતે ઉષ:કાળ પહેલાં જ રાણીને પ્રસવ તો થયો, પણ એ પુત્ર હતો કે પુત્રી એ વાત દાસીઓ ન સમજી શકી. જીવક પુષ્પની જેમ, લાખના રસની જેમ એક લાલચોળ માંસખંડ જેવો જ એ જણાયો. રાજા તેજના અંબાર જેવા પુત્રના દર્શન કરવાની ઇંતેજારી રાખી રહ્યો હતો. એને જો એમ કહેવામાં આવે કે રાણીએ તો લાલચોળ માંસના લોચાનો જ જન્મ આપ્યો છે તો રાજા એ દાસીઓને સજા કર્યા વિના ન રહે. એમણે એ માંસના લોચાને એક પેટીમાં પૂરી એની ઉપર રાજમુદ્રાનું ચિહ્ન કરી, ગંગાના પાણીમાં તરતી મૂકી દેવાનો નિશ્ચય કર્યો. નદીમાં તણાતી પેટી કોઇ એક દેવે જોઇ. તેણે એક સોનાના પતરા ઉપર સિંદુરથી લખ્યું કે “આમાં વારાણુસીના રાજાની પટ્ટરાણીનાં પુત્ર છે.” અને એ લેખ પેલી પેટી સાથે જડી દીધો. પેટી પાણીમાં તણાતી ચાલી.

એક સંન્યાસી ત્યાંથી જતો હતો તેની નજરે એ પેટી ચડી. એણે પાસે જઇને જોયું તો સોનાના પતરા ઉપર વારાણુસી–રાજના પુત્રનું નામ દેખાયું. પછી પેટીની અંદરથી પેલો માંસનો લોચો બ્હાર કાઢયો. એને ખાત્રી થઇ કે આ ગર્ભ છે, પણ હવે એ ગર્ભને ઉછેરવો શી રીતે?

સંન્યાસી એને પોતાના આશ્રમમાં લઇ ગયો. એક પવિત્ર સ્થાનમાં ગર્ભને સ્થાપ્યો. પન્નર દિવસ પછી એના બે કટકા થયા. સંન્યાસી વધુ ને વધુ સાવચેતી સાથે તેનું જતન કરવા લાગ્યો.

ધીમે ધીમે એ બન્ને ટુકડા, રૂપ–લાવણ્યથી ઉભરાઇ જતાં પુત્ર અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુત્રીના રૂપમાં પરિણમ્યા. સંન્યાસીના હૈયામાં વાત્સલ્ય–પ્રીતિનાં ઝરણુ વહી નીકળ્યાં. એના અંગુઠામાંથી દૂધની ધારા છૂટી.

આ બાળકોના દેહની ચામડી એટલી તો પાતળી હતી કે એમાના ઉદરમાં પડેલી વસ્તુ પણ બ્હારથી કળી શકાય. જાણે સ્વચ્છ કાચની શીશીમાં દૂધ, પાણી કે આહાર પડ્યાં હોય એમ જોનારને લાગે. લોકો એમને "લિચ્છવી" ના નામથી ઓળખવા લાગ્યા. દેહની ચામડી અને ઉદરમાંનો આહાર પરસ્પર એવા ભળી જતાં કે એમને લીનાકછબી કહેવામાં આવે તો ચાલે. એ ઉપરથી એમનું નામ લિચ્છવી પડયું.

સંન્યાસીને રોજ સવારમાં વ્હેલા ઉઠીને ભિક્ષા માગવા શહેરમાં જવું પડતું. ત્યાંથી પાછા આવતા ઘણી વાર મ્હોડું થઇ જતું. આસપાસના ગોવાળીઆએ એ વાત જાણી. તેમણે સંન્યાસીની પાસે આવી વિનતી કરી કે– "મહાત્મન્, બાળકો ઉછેરવાં એ સંન્યાસીને સારૂ કઠણ પ્રસંગ છે. આ બન્ને બાળકો અમને આપી દ્યો. અમે એમને સારી રીતે ઉછેરશું. આપ નિરૂપાધિકપણે આપનો ધર્મ પાળો."

સંન્યાસીએ પ્રેમપૂર્વક એ પ્રસ્તાવ સ્વીકારી લીધો.

બીજે દિવસે ગોવાળીઆઓએ સરીયામ રસ્તા સમારીને સાફ કર્યા. ઠેકઠેકાણે ધજા–પતાકાઓ બાંધી અને વાજતે-ગાજતે આશ્રમમાં આવીને બાળકોને લઈ ગયા. સંન્યાસીએ એમની સોંપણી કરતાં કહ્યું–"આ બન્ને બાળકો સુશીલ અને ઉચ્ચ ગુણવાળા છે. એમને ખૂબ સંભાળીને ઉછેરજો. એ મ્હોટાં થાય ત્યારે એક–બીજાની સાથે એમનો વિવાહ કરજો અને રાજાનું મન મનાવી, થોડી જમીન મેળવી, એક શહેર વસાવી એ શહેરના સિંહાસન ઉપર આ કુમારને બેસાડજો."

ગોવાળીઆઓએ સંન્યાસીનો આદેશ માથે ચડાવ્યો. બન્ને બાળકો ધીમે ધીમે મ્હોટા થવા લાગ્યા.

બાળક્રીડા વખતે એ બાળકો, બીજા બાળકોને હેરાન કરવા લાગ્યા. કોઇને લાત તો કોઇને પાટુ મારી રંજાડવા લાગ્યા. છોકરાં રોતાં રોતાં પોતાના માબાપ પાસે જઇ કહેતા કે–"ઓ મા–બાપ વગરના, સંન્યાસીને જડી આવેલાં બે બાળકો અમને જંપવા દેતા નથી."

બાળકનાં મા–બાપ ફરીયાદ કરવા મંડયાં કે: "આ બે બાળકો અમારા છોકરાંને ખોટી રીતે કનડે છે. એમને ઉછેરવાની શી જરૂર છે ? એમને તો વર્જવા જ જોઇએ"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" વર્જીતવ્ય " ના વ્યવહારથી એ વજ્જી કહેવાયા. આસપાસનો ત્રણસો યોજનના વિસ્તારવાળો પ્રદેશ " વજ્જિ " ના નામથી ઓળખાયો.

પછી તો રાજાનું મન મનાવી, એમના આદેશને અનુસરી એ પ્રદેશ આ બાળકોને અપાવ્યો. ત્યાં એક નગરી વસાવી અને બાળકનો રાજા તરિકે અભિષેક કર્યો.

એ સોળ વરસનો થયો એટલે પેલી બાળિકા સાથે એનો વિવાહ કરવામાં આવ્યો. રાજાએ, એ પછી, એવો નિયમ કર્યો કે: " આ નગરીમાં બ્હારથી કન્યા લાવી શકાશે નહીં અને આ નગરીની કન્યા પણ બ્હાર વિવાહ માટે નહિ જાય. "

પહેલાં જેમ જુગલીઆરૂપે ભાઈ-બ્હેન સાથે ઉપજ્યા હતા તેમ આ વખતે પણ ભાઇ-બ્હેનનું જોડલું જન્મ્યું. એ પણ પરસ્પરમાં એવી જ રીતે પરણ્યા. એ રીતે સોળ વાર પુત્ર-પુત્રી જુગલરૂપે જન્મ્યા અને પરણ્યા. આ બધાં બાળક-બાળિકાઓ જ્યારે મ્હોટાં થયાં ત્યારે તેમને રહેવા-કરવા માટે સ્થાનનો સંકોચ જણાવા લાગ્યો. સૌને રહેવાને ઘર જોઈએ, બગીચા જોઇએ, વિશ્રામકુંજ જોઇએ, દાસ-દાસીઓને માટે જુદા જુદા ઘરબાર જોઈએ. તે સર્વને સારૂ કીલ્લાની બ્હાર પાએક યોજન દૂર એક બીજો ગઢ તૈયાર કરાવ્યો. એમ કરતાં કરતાં ત્રણ વાર નગરીની બ્હાર ત્રણ ગઢ તૈયાર થયા. વખતો વખત નગરીને વિશાળ કરવી પડી, તેથી એ 'વિસાલિકતા' ને લીધે એનું નામ વેશાલી (વૈશાલી) પડયું. વેશાલી અથવા વૈશાલીનો આ સામાન્ય ઇતિહાસ છે. "

'પૂજાવલિય' માં પણ જરા જુદે રૂપે આવું જ વર્ણન છે. એ આખ્યાયિકાઓ કેવળ દંતકથારૂપ હોય એમ લાગે છે. ઘણું કરીને પાછળના કાળમાં એ ઉપજાવી કાઢી હશે. ધર્મગ્રંથોમાં એ કથાને પ્રમાણરૂપ કે આધારરૂપ નથી માની. માત્ર એટલું પૂરવાર થઇ શકે છે કે લિચ્છવિઓની ગણના ક્ષત્રિયોમાં થતી.

## " લિચ્છવિ " શબ્દની વ્યુત્પત્તિ.

આ આખ્યાયિકામાં બુદ્ધઘોષે જે બે વ્યુત્પત્તિ આપી છે તે દેખીતી રીતે જ કાલ્પનિક છે. લિચ્છવી એક જાતિ છે. જો કે બૌદ્ધ તેમજ જૈન સાહિત્યમાં અને કૌટિલ્યના અર્થ-શાસ્ત્રમાં આપણે એ નામ સૌ પ્રથમ વાંચીએ છીએ, પણ એ ગ્રંથો લખાયા તે પહેલાં-બહુ યુગ પૂર્વે લિચ્છવીઓ જાણીતા હતા. એ પછી લિચ્છવીઓ જેમ જેમ પ્રભાવશાલી તથા પ્રતાપી બનતા ગયા તેમ તેમ લોકોએ લિચ્છવી શબ્દની નવી નવી વ્યુત્પત્તિઓ યોજી કાઢી. વ્યાકરણના નિયમ સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દૃષ્ટિએ. )

( ગતાંક પૃષ્ઠ ૨૯૮ થી શરૂ )

ફરૂકાબાદમાં એક શ્વેતાંબર મંદિર અને ધર્મશાળા છે. દિગંબર મંદિરો પણ છે. શ્વેતાંબર ધર્મશાળામાં અવ્યવસ્થા અને અંધેરનો પાર નથી. પૂજારી પૂજા કરી ચાલ્યો જાય. બસ પછી આવનાર યાત્રિકને કલાકોના કલાકો બહાર તપ કરતાં બેસી રહેવું પડે. ન મળે બેસવાનું સ્થાન કે ઉતરવાનું સ્થાન. મંદિરમાં જીર્ણોદ્ધારની જરૂર છે. એક કચ્છીભાઇએ આ માટે પ્રયત્ન કર્યો હતો. પરિણામ શું આવ્યું તેની અમને ખબર નથી પડી. ત્યાંથી વિહાર કરી કંપીલાજી આવ્યા.

**કંપીલાજી તીર્થ—**

અહીં **શ્રી વિમલનાથ પ્રભુનાં ચાર કલ્યાણક થયાં છે.** નગરી બહુ જ પ્રાચીન છે. બ્રહ્મદત્ત ચક્રવર્તી અહીં થયા છે; દ્રૌપદીનું જન્મસ્થાન પણ આ જ નગરી છે. એટલે આ નગરી ઐતિહાસિક દૃષ્ટિએ પણ મહત્ત્વની છે. ગામબહાર ચોતરફ મોટા મોટા ટીલા ઉભા છે. ખંડિયેરો પણ ઘણાં છે. નગરીને ફરતો પ્રાચીન ગઢ પણ અત્યારે છે. ગઢમાં અજૈન મંદિરો છે

---

એનો સંબંધ ન રહ્યો . કલ્પી કાઢેલી આખ્યાયિકાના આધારે એ વ્યુત્પત્તિ ટકી રહી.

ચીની બૌદ્ધ ગ્રંથો અને બુદ્ધઘોષ, લિચ્છવી શબ્દની જે વ્યાખ્યા આપે છે તેમાં થોડો મેળ દેખાય છે. શાન્-હો-સિયોન-લૂ ( ૮ મો અધ્યાય ) કહે છે કે લિચ્છવિનો અર્થ પાતળી ચામડી, એકલી ચામડી એવો થાય છે અને છવિ શબ્દ ત્વક્-ચામડીમાંથી આવ્યો છે. નિચ્છવિ એટલે ન છબિ અથવા સૂક્ષ્મ છબિ અથવા લીના છબી. બુદ્ધઘોષની અને ચીના ગ્રંથોની વ્યાખ્યાનું મૂળ ઉત્પત્તિ-સ્થાન એક જ હોવું જોઇએ એવું અનુમાન બાંધી શકાય.

આખ્યાયિકાનું ઐતિહાસિક મૂલ્ય કંઇ જ નથી. માત્ર એમને ક્ષત્રિય તરિકે ઓળખાવવામાં એ આખ્યાયિકા સહાય કરે છે. બુદ્ધદેવ અને મહાવીર-સ્વામીના જન્મ સમયે લિચ્છવિ ક્ષત્રિય તરિકે પ્રસિદ્ધ હતા એ વાતના બીજાં પણ પ્રમાણ મળે છે. ( ચાલુ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં એક દત્તાત્રેયનું મંદિર કહેવાય છે પણ પ્રથમ તે જૈન મંદિર હતું. ઘુમટી પણ જૈનમંદિર જેવી જ છે. અંદર પાદુકા છે પણ અત્યારે કબ્જો આપણો નથી. આ સિવાય ખંડિત જૈન–જિનમૂર્તિઓના ટુકડા ઘણે સ્થળે મળે છે. અહીં શ્વેતાંબર જૈન મંદિર બહુ જ સુંદર છે. ચોતરફ ચાર કલ્યાણકની દેરી છે જેમાં પાદુકા છે. વચમાં મંદિર છે જેમાં મૂળનાયક શ્રી **વિમલનાથ** પ્રભુ છે. પ્રતિમાજી સુંદર છે. મંદિરની બહાર નાની ધર્મશાળા છે અને તેની બહાર મોટી–વિશાળ ધર્મશાળા છે. વચમાં મોટું ચોગાન છે. ચોતરફ ફરતો કિલ્લો છે. અહીં દિગંબરોનો કોઇપણ જાતનો હક્ક નથી. બધું શ્વેતાંબરોનું જ છે. વહીવટ એકંદર ઠીક છે. આ સ્થાન કાનપુરથી વાવ્યમાં ૮૬ માઇલ છે અને આગ્રાથી ૧૧૩ માઇલ દૂર છે. અહીં આવનાર શ્રાવકો માટે B. B. & C. I રેલ્વેનું **ફરૂકાબાદ** જંકશન છે. અહીંથી B. B ની મીટર ગેજમાં ૧૯ માઇલ દૂર વાવ્યમાં કાયમગંજ સ્ટેશન છે અને અહીંથી વાહનદ્વારા ૬ માઇલિ દૂર કંપિલાજી તીર્થ જવાય છે. ફરૂકાબાદથી મોટર રસ્તે પણ કંપિલાજી જવાય છે. અહીંથી લાંબા લાંબા વિહાર કરતા કાચા રસ્તે મૈનપુરી આવ્યા. અહીં દિગંબરોની વસ્તી ઘણી છે. દિ. મંદિરો પણ છે ત્યાંથી....આવ્યા. અહીં દિગંબર ધર્મશાળામાં જ ઉતર્યા. દિ. જૈનોનાં ૮–૧૦ ઘર છે. બધા ભાવિક અને સરલ પરિણામી છે. અહીં તેમના તરફથી જાહેર સભા રાખી હતી. તેમણે સારી રીતે ઉપદેશ સાંભળ્યો હતો. ત્યાંથી વિહાર કરતા કરતા શિકોહાબાદ થઇ **શૌરીપુર** આવ્યા.

## શૌરીપુર તીર્થ—

યદુકુલ તિલક બાળ બ્રહ્મચારી **શ્રી નેમનાથજી ભગવાનની** જન્મ ભૂમિ તરીકે આ સ્થાન બહુજ પ્રસિદ્ધ છે. શૌરીપુરની સ્થાપનાનો પ્રાચીન ઉલ્લેખ **વસુદેવહિંડી જેવા પ્રાચીન ગ્રંથમાં** આ પ્રમાણે મળે છે. " હરિ વંશમાં સોરી અને વીર બે ભાઇ હતા જેમાં સોરીએ **સોરીયપુર** વસાવ્યું અને વીરે **સોવીર** સોરીનો પુત્ર અંધકવૃષ્ણિ હતો જેને ભદ્રારાણીથી **સમુદ્રવિજય** ( નેમનાથ ભગવાનના પિતા ) વિગેરે દસ પુત્ર તથા કુન્તી અને માદ્રી એમ બે પુત્રીઓ જન્મી. વીરનો પુત્ર ઉગ્રસેન થયો. ઉગ્રસેનને બન્ધુ સુબન્ધુ, અને કંસ વિગેરે પુત્રો થયા " આ સિવાય ઘણા પ્રાચીન ગ્રંથો જેવા કે શ્રી સમવાયાંગસૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર આવશ્યક નિર્યુક્તિ, કલ્પસૂત્ર આદિ સૂત્રો તથા અનેક ચરિત્ર ગ્રંથોમાં શ્રી નેમિનાથ ભગવાનની જન્મભૂમિ શૌરીપુરનો તેના વૈભવનો સવિસ્તર ઉલ્લેખ મળે છે. આ પ્રદેશમાં જૈનોનું એક વાર સામ્રા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જય હતું. મથુરા અને શૌરીપુર જૈન નગરીઓ કહેવાતી, આજ આ શૌરીપુર મહાન્ નગરી માત્ર થોડા ઝુંપડાથી ઓળખાય છે.

પુરાણી **શૌરીપુરી** તો યમુનાના તોફાની પ્રવાહમાં તણાઇ ગઇ છે. આજ તો ત્યાં ચોતરફ પહાડી છે. જમના પણ થોડી દૂર ગઇ છે. પહાડી પર જૈન શ્વેતાંબર મંદિર અને ધર્મશાળા છે જે ૫-૬ માઇલ દૂરથી દેખાય છે. સફેદ દૂધ જેવું મંદિર દૂરથી બહુ જ રળીયમણું અને આકર્ષક લાગે છે. મંદિર પણ બહુ જ સરસ અને સુંદર છે. પરમ શાન્તિ અને આનંદનું ધામ છે. જુના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી નવું મંદિર સારૂં કરાવ્યું છે. મૂળનાયક શ્રી નેમનાથ ભગવાનની પ્રતિમાજી ભવ્ય અને વિશાળ છે. મંદિરની સામે નાની જુની ધર્મશાળા છે અને તેની પાસે એક બહુ જ ઉંડો મીઠો કૂવો છે. તેની પાસે કલકત્તાવાસી લક્ષ્મીચંદજી કર્ણાવટના પુત્રોએ મોટી વિશાળ શ્વે. ધર્મશાળા બંધાવી છે.

અહીં જગદ્ગુરૂ આચાર્ય શ્રી હીરવિજયસૂરીશ્વરજીએ ૧૬૪૦ માં યાત્રા કરી પ્રતિષ્ઠા કરાવ્યાનો ઉલ્લેખ હીરસાભાગ્ય કાવ્ય, ધર્મસાગરકૃત તપગચ્છ પટ્ટાવલી, વિજયપ્રશસ્તિ અને પ્રાચીન તીર્થમાળા, સૂરીશ્વર ને સમ્રાટ, પટ્ટાવલી સમુચ્ચ વગેરેમાં મળે છે. છેલ્લે છેલ્લે શૌરીપુરમાં ૭ જિનમંદિર અને ૧૪ જિનમૂર્તિઓને ઉલ્લેખ મળે છે. ( શૌરીપુરનો સવિસ્તૃત ઇતિહાસ જાણવાની ઇચ્છાવાળા મહાશયે પૂ. પા. શ્રી ગુરૂદેવ લીખત " **શૌરીપુર** "વાળો લેખ જૈન જ્યોતિ શ્રાવણનો અંક જોવો )

શ્વે. મંદિર અને શ્વે. ધર્મશાળાની પાછળ નાની ઘુમટીઓ અને એક ધર્મશાળા છે. પ્રમાણો બધાં શ્વેતાંબર પક્ષમાં છે પરંતુ દિગંબર મહાનુભાવોએ આ માટે ઝગડો શરૂ કર્યો છે. તેમાંય જ્યારથી શ્વે. મંદિર અને ધર્મશાળાનો ઉદ્ધાર થયો ત્યારથી જ આ માટે ઝઘડવાનું શરૂ કર્યું છે; નહિ તો પહેલાં કોઇ પણ દિગંબર આ સ્થાને દર્શન કરવા પણ ન્હોતા આવતા. માત્ર શ્વેતાંબરો જ જતા. દિગંબરો માટે શૌરીપુરથી ૧—૧ાા માઇલ દૂર **બટેશ્વર** ગામ છે. ત્યાં મંદિર અને ધર્મશાળા છે. યદ્યપિ ઇતિહાસ તો આ મંદિર પણ શ્વેતાંબરી હોવાનું કહે છે, પરન્તુ હાલ તો કબજો દિગંબરીનો છે. ત્યાં શ્વેતાંબર મૂર્તિઓ પણ હતી, જેના ફોટા પણ લેવાય છે; પરન્તુ દિગંબરીઓએ તે બધું સાફ કરી નાખ્યું છે. પ્રમાણો બધાં યમુનાજીમાં પધરાવ્યા છે. ( ! ) હવે તેમનું શૌરીપુરમાં કાંઇ પણ નથી. તેમના પ્રાચીન—અર્વાચીન બધાય ગ્રંથો એક જ વાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહે છે કે શ્રી નેમનાથજીનો જન્મ **દ્વારિકામાં** થયો છે અને **શૌરીપુર** ત્યાંનો પાડો છે. દ્વારકાનું એ મંદિર અત્યારે શંકરાચાર્યના કબજામાં છે પરંતુ તે જૈન મંદિર છે-હતું, એ નિર્વિવાદ છે દિગંબરોની શક્તિ હોય અને સાચી ભક્તિ હોય તો ત્યાં જઈ જોર અજમાવે અને મંદિર પાછું વાળે; પરન્તુ "નબળો માટી બયર ઉપર શૂરો" તેમની માફક તેમના જ વડીલ બન્ધુ શ્વેતાંબરો સામે લડવામાં જ તેમની વીરતા અને ધર્મભકિત (!) સમાઇ છે.

શૌરીપુરના આ સ્થાન માટે ઘણા વર્ષથી કેસ ચાલે છે. ઘુમટીમાંથી પાદુકાઓ ઉખેડી નાંખી પૂજારીને પણ બાંધીને મંદિરમાં પકડીને માર્યો. બીજી ઘુમટીઓ તોડી પણ નાંખી. આ બધું દિ. જૈનોએ ભકિતના નામે કર્યું છે-કરાવ્યું છે. આ ભક્તિને શું કહેવું એ તો વાંચકો સ્વયં સમજી લેશે.

અમે અહિં આઠ-દશ દિવસ શાંતિથી રહી ઘણી શોધખોળ કરી હતી. યમુના જ્યારે તેમના ખરા સ્વરૂપમાં વહે છે, ત્યારે બધે પાણી ફરી વળે છે, અને તેથી પહાડોના કોતરોમાંથી ઘણી અમૂલ્ય ચીજો નીકળી આવે છે. મૂર્તિઓ પણ ખંડિત નીકળે છે. બબ્બેહજાર વર્ષની જુની ઈંટો પણ નીકળે છે. આ સ્થાને યદિ ખોદાણકામ થાય તો જૈન ધર્મના ઇતિહાસના ઘણા સાધનો ઉપલબ્ધ થાય તેમ છે.

અહીંનાં આજુબાજુનાં ગામડાંઓમાં પણ પહેલાં જૈન વસ્તી હતી; મંદિરો હતા. **પીરોજાબાદ, ચાંદાવાડી,** અને **સુપડી** (રપડી)[1] આદિ ગામોમાં જિનમંદિર અને જૈન વસતી હતી. ચાંદાવાડી પ્રીરોજાબાદથી દક્ષિણે ત્રણ માઇલ યમુના કાંઠે અત્યારે છે. તેનું બીજું નામ સાફિયાબાદ છે. અહીં જિનમંદિરનાં પુરાણાં ખંડિયેરો છે. શિખર અને થાંભલા આદિ ઘણા છે. અહીં **એક સ્ફટિકની મૂર્તિ હતી** આનો ઉલ્લેખ પોતાની પૂર્વદેશની યાત્રામાં....કરે છે. તે જ સ્ફટિકની મૂર્તિ ત્યાંના એક માળીના હાથમાં આવી અને તેની પાસેથી દિ. જૈનોએ લઇ પોતાના મંદિરમાં રાખી છે. આ માળી પણ દર્શન કરાવી પૈસા લેતો હતો. થોડાં વર્ષ પહેલાં જ આ વાત બની છે. સુપડી ગામ પણ મોજુદ છે જયાંથી શારીપુરનો ટુંકો રસ્તો મળે છે.

અહીં આવનાર શ્રાવકોએ આગ્રાથી આવવું ઠીક છે. આગ્રાથી ૪૩-૪૫ માઇલ છે. મોટર મળે છે. થોડો કાચો રસ્તો છે પણ વાંધા જેવું નથી. તેમજ

૧ આરપડી ગામનો ઉલ્લેખ હીરસૌભાગ્યમાં છે. "યમી સમીપે **રપડી પુરે**" અહીંથી શૌરીપુર નજીકમાં જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



E. I. R. ની મેઇન લાઇનમાં સિકોહાબાદ જંકશન છે ત્યાંથી ૧૪ માઇલ વાહન રસ્તે જવાય છે, પણ આ રસ્તે ઘણીવાર અડચાણ પડે છે માટે આગ્રાથી જવું ઠીક છે. તેમાંય છેલ્લો ત્રણચાર માઇલનો રસ્તો તો અજાણ્યો છે એકલા જવા-જેવું નથી. ભૂલું પડી જવાય તેવું છે. બાહ્યાથી પણ અહીં જવાય છે.

અહીંથી વિહાર કરી અમે બટેશ્વર આવ્યા. અહીં નદિ કિનારે એક પ્રસિદ્ધ યતિમંદિર છે. બધા તેને યતિમંદિર તરીકે જ ઓળખે છે. જમીનની નોંધણીમાં પણ આને યતિમંદિર લખ્યું છે. ૧૯૧૫ સુધી શ્વે. યતિની દેખ-રેખ હતી પરન્તુ ત્યારપછી આપણી જ બેદરકારી, અજ્ઞાનતા અને વસતિનું ઓછાપણું આદિ અનેક કારણોએ તે શ્વે. મંદિરનો કબ્જો દિ. જૈનોએ લઇ પાડયો છે. અંદરની મૂર્તિઓ પણ નથી રાખી. કેટલાકના કંદોરા ખોદી નાં-ખ્યો છે અને કેટલીક યમુનામાં પધરાવી (!) દીધી છે અને હવે અધુરામાં પૂરૂં બાકી હોય તેમ શૌરીપુર માટે ઝઘડો ચલાવ્યો છે. દિગંબરોનું આ સા-ચું—નગ્ન સ્વરૂપ જોઇ કોને દુઃખ નહિં થાય ? હાલમાં તો આ યતિમંદિરમાં બટેશ્વરના મંદિરમાં શ્વે. જૈનોને જવા પણ નથી દેતા. આનાથી બીજી કઇ સંકોચિતતા હોઇ શકે. ?

બટેશ્વર ગામની પાદરમાં જ યુમના નદી વહે છે. યતિમંદિર પણ ઘાટ ઉપર જ છે. આ સિવાય અજૈનોનાં ૧૦૮ શિવાલયો છે જેમાં એક શિવાલયમાં તો મહાન્ વિશાલ શિવજી ને પાર્વતીની મૂર્તિ છે. પૂર્વદેશમાં અને મહારાષ્ટ્રમાં અમારે ઘણા શિવાલયોમાં ઉતરવાનો પ્રસંગ આવ્યો છે, અને જોવાની તક મળી છે; પરન્તુ બધે શિવલિંગ જ હોય છે જ્યારે અહીં મૂતિ છે અને તે પણ ઘણી જ મોટી છે. અસ્તુ. અહીંથી વિહાર કરતાં કરતાં આગ્રા અવ્યા.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અલ્લુકૃત ભાવના.

ગતાંક પૃષ્ઠ ૨૩૭ થી શરૂ.

સંશોધક અને સંગ્રાહક મોહનલાલ દલીચંદ દેશાઇ એડવોકેટ-મુંબઇ.

## ( ૭ આસ્રવભાવના )

### દુહા.

આસ્રવ બંધ અપ્પા નહી, અપ્પા કેવલનાણ;
જો વીણ ભાવઇ અણુસરઇ, તો નિમ્મલ હોય વિહાંણ. (૬) ૧૪
કેવલ મલ પરિવજ્જીઓ, જિહ સો ઠાઇ અણાઇ;
તિસ ઉર સબ રસ સંચરેં, પારેં ન કોઇ જાઈ. ( ૭ ) ૧૫

### છંદ

આસ્રવ એહું જિયા, પુગ્ગલતણો પજ્જાવ,
સહજેં હોઇ જિયા, તાકી શક્તિ સ્વભાવ,
સ્વભાવ શક્તિ સબ તાસ કેરી દેખી મૂઢો માણ એ,
યહ સકલ રચના મૈં જુ કીની નાંહિ કોઇ આન એ;
તિસ ભર્મ બુદ્ધિ સોં આપ આલૂઝયો, એક ખેત હી વાસ ઓ,
અનાદિ કાલ વિભાવ ઐસો, જાણિ જિયડે આસવો. (૭) ૧૬

## ( ૮ સંવરભાવના )

### દુહા

ઇહ જિય સંવર અપ્પણો, અપ્પા અપ્પ મુણેઈ;
સો સંવર પુગ્ગલતણો, કમ્મનિરોધ હવેઇ. ૧૯
સત્તા રૂપ જુ દ્રષ્ટિ હૈં, જાંણિ ગુણ પરજાઇ;
સો જિય સંવર જાંણિ તૂં, અપણો પદેં સુભાઇ. ( ૮ ) ૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છંદ

સંવર એહું જિયા અપને પદહું વિચાર
જો પરદ્રવ્વ જિયા, તાકો નાંહી સંચાર
સંચાર નાંહી પરદર્વ કેરો પદહિ અપ્પ વિચારઈં
પંડિત ગુણસો ભયો ગરચોં મુઢ દોષ નિવારઇં
સહજ પરણુતિ ભઇ પરગટ કિમ હુંઈં કમ્મ કદંબરો
અનાદિ વસ્તુ સુભાવ પ્રણુવે જાંણિ જિયડે સંવરો. ( ૮ ) ૧૯

## ( ૯ નિર્જરાભાવના )

દુહા

(ઉ)પયોગી અપને (ઉ)પયોગસોં, ન્યારે જાનત જોગ
આપે દેખ ન શક્તિ હૈં, વાકો ધારણુ યોગ. ૨૦
યહ યોગીકી રીતિ હૈં, મિલિ મિલિ કરૈ સંયોગ
તાસેં નિજર્જરા કહત હૈં, વિછુર હોત વિયોગ ( ૯ ) ૨૧

છંદ

નિજર્જરા તાસ કી હો કમ્મહતણા સંયોગ
થિતિ પૂરી ભઇ હો તાકો હોત વિયોગ
હોત વિયોગ તિકાં ન રાખૈ ગવન દહ દિસિ ધાવહી
પિછલો નિવારો હોઇ ઐસો આગે ઓર ન આવહી
યહ શક્તિ પુદ્ગલ દ્રવ્યકેરો મિલન વિછુરન આસકી
ગ્યાન દ્રષ્ટિ ધરિ દેખિ ચેતન હોત નિર્જરા તાસકી ( ૯ ) ૨૨

## ( ૧૦ લોક ભાવના )

દુહા

સકલ દ્રવ્ય ત્રિલોકમેં મુનિકે પદતર દીન
જોગ જુગતિ કરિ થપ્પિઆ, નિશ્ચય ભાવ ધરીન. ( ૧૦ ) ૨૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છંદ

જે બાહ્યાંતર પરમા તીન્યોં લોક એહો
પરમકુટી સુખવાસ મુનિજનોગેંદી એહો
શુદ્ધ નિરંજન ભાસ તિન્હકો સહજ લીલા કીજીએ
તિસ કુટીમાંહી ભાવધારા બાહરિ પૈર ન દીજીઇં
કિસ ગુરૂ નાંહીં ન કોઇ ચેલા રહૈં સદા ઉદાસએ
આ લોક મધ્યે કુટી રચના તીનકાલ સુખ–વાસ ઓ ( ૧૦ ) ૨૪

દોહરા તે કહીએ છીએ. આસ્રવ અને બંધ તે આત્મા નહીં; કેવલજ્ઞાનમય તે આત્મા. ' જો ઇણ ભાવઇં ' કહેતાં એ અધ્યવસાયેં–એ ધ્યાનેં––વિચારેં–અનુચિંત્વને ' અણુસરઇં ' કહેતાં ચાલે–સંમુખ થાય–ગુરૂ આદિકને પૂછીને શોચે, તો નિર્મલ કેવલ સૂર્યોદય વેળા–પ્રભાતવેળા થાય–એટલે પૂર્વ વિચાર સમયે પરોક્ષાનુભવ હોય તેહજ પ્રત્યક્ષાનુભવ થાય. ૭

કેવલ–નિઃકેવલ સર્વમલવર્જિત–રહિત એવા જે શુદ્ધ સત્તા સ્થાનક, તે અનાદિ સિદ્ધ સ્થાનક કેવલજ્ઞાન–દર્શનરૂપપણે તેહવો છે જે, તેમાંહિં સર્વ સંચરે છે–એટલે કેવલજ્ઞાનમાંહિ સર્વ ગેય સમાય છે; પરંતુ તેને અતિક્રમીને કોઇ પદાર્થ જાતો નથી–એટલે સર્વ દ્રવ્યની મર્યાદાનો સ્થાનક છે.

છંદ–હો જીવ ! આસ્રવ તે એ, જે આ સાંપ્રત કહીએ છીએ તે, જે પુદ્ગલ દ્રવ્ય પરમાણુ ઘણા મળી સ્કંધરૂપ પર્યાયપણે પરિણમે. અહો જીવ ! તે સહજેં જ હોય છે-એટલે એ પુદ્ગલ દ્રવ્યની શક્તિ સ્વભાવેં છે, એટલે એ પુદ્ગલ પદાર્થના વિભાવ પર્યાય તે વિભાવપરિણમન શક્તિ તે જ સ્વભાવ-ગુણ ઓઘશક્તિ સ્વભાવસહજ શકિત છે. પૂરણ ગલણરૂપ તે પુદ્ગલની; તે દેખીને મૂઢ–અજ્ઞાની એમ માની લે છે જે પૂરણ મિલિત દ્રવ્યકર્મવર્ગણા તદોદય–કારણોત્પત્તિ ક્રિયા ન ક્રિયાનિત પૂર્વ સ્કંધપર્યાય વિઘટન–નૌતન સંવરણ ઇત્યાદિ એ સર્વ પુદ્ગલરચના દેખી મૂઢ–તત્ત્વના અજાણ એમ માની લે છે જે એ સર્વસ્વ નામેં કરી, એહનો કર્ત્તા બીજો કોઇ અન્ય નહીં, તેહજ ભર્મ બુદ્ધિસ્યું આપ આત્મા પુદ્ગલસ્કંધ બંધસમયેં ' આલુઝયો ' એટલે આપ બંધાણો. એક ક્ષેત્ર વિષયે વાસો છે જીવ પુદ્ગલ બેઠો અનાદિ કાલનો એવો વિભાવ પરિણામ તે તું જાણ જીવ આસ્રવ. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દોહા–સાતમી આસ્રવ ભાવનાએં દ્રવ્યકર્મવર્ગણાને આત્મપ્રદેશે આશ્રમ દીધો તે દ્રવ્ય તે દ્રવ્યાસ્રવ અને વિમોહ, વિભ્રમ, સંશયાદિરૂપે પરિણમી જે આ શુદ્ધ ચેતના, તેહનેં અજ્ઞાન ચેતનપણે કહીએ–વિભાવચેતના કહીએ–દ્વૈત-ચેતના કહીએ–સમલચેતના ( કહીએ ) ઇત્યાદિ અનેક નામ છે. એવો ભાવ-કર્મ ચેતનારૂપ જે પરિણામી તેહનેં જે આશ્રમ દે તે ભાવાસ્રવ કહીએ, જેમ જે દ્રવ્યના ગુણપર્યાય તે સ્વસ્વ દ્રવ્યને આશ્રયી રહે છે તેમ પણ બંધસંબંધ.

‘ ઇહ ’ કહેતાં એ, જીવસંવર આપણો, તે કોણ આપે ? આપણું જાણીએ એટલે આપણો જ સ્વસંવેદનોપયોગ, તેણેં આપણું સ્વરૂપ જાણીને તે આત્મિક સંવર કહીએ અને તે સંવર તે પુદ્ગલનો કહીએ–જાણેં.

દ્રવ્યકર્મ પુદ્ગલ વર્ગ જાણ, તું સંવર એ આપણો આત્મ–પ્રદેશ સ્વભાવે જ છે, અથવા તે સંવર આત્મપ(દ) વિષે ભાવી ચિંતવી(એ). ૮

છંદ–વલી તેહજ ભાવસંવર વખાણે છેં. હે જીવ ! સંવર તે એ જ કે જે આપણા આત્મપદનો વિચાર વિચારવો, પણ તે કેવો છે ? આત્મપદ વિચાર જિહાં અહો જીવ ! જે પુદ્ગલાદિ સર્વપર દ્રવ્ય, તેનો નથી સંચાર. આત્મ-પ્રદેશ સંઘાતે સંચર, સંચરણ પ્રવેશ નથી, સર્વથા પર દ્રવ્યનાં જે શુદ્ધસત્તા વિષે પરિણામરૂપ પરિણામ ઉપયોગ તે ભાવ સંવર. શુદ્ધ નિશ્ચયનયોચિત અને શુદ્ધ વ્યવહારનયોચિત તે શુદ્ધ સદ્ધર્માચારોપયોગ અને શુભ સંવર સરાગ સંયમોપયોગ, સંયમાસંયમપયોગ, શ્રુત ધર્માચારોપયોગ એ સર્વ શુભ સંવર–એ વિપરીત તે આસ્રવ.

જયાં કેવળ આત્મપદનોજ વિચાર છે; વળી ત્યાં ‘ પંડિતગુણ ’ તે અંતરાત્મપણું–સાધકપણું–સ્વસંવેદનપણું, તેહથી થયો છે પરિચય–ઓળખાણ, તેણેં સ્વાનુભવ પંડિતપણે કરીને મૂઢ કહીએ તે બહિરાત્મપણાનો દોષ નિવારે છે, ત્યાં અંતરાત્માપણારૂપ સહજાત્મ પરિણતિ થઇ છે પ્રગટ–મિથ્યા-ત્વાવ્રત તિરોભાવે હતાં જે સ્વસંવેદકતા શક્તિ તે સહજપરિણતિ આવિર્ભાવે થઇ છે. ત્યાં કર્મકર્દમ કેમ થાય ? અપિતુ ન થાય. અનાદિસંસિદ્ધ જે વસ્તુ સ્વભાવ શુદ્ધરૂપને પણ જે પરિણમવું જાણે જે જીવ તે નિશ્ચય સંવર. ૮

( ચાલુ )

For Private And Personal Use Only

# હિંદુસ્તાનમાં જૈનોની વસ્તી વિષયક દશા.

( ગતાંક પૃષ્ઠ ૧૯૦ થી શરૂ ).

## ગ્વાલીઅર સ્ટેટ–જૈનોની સાંસારિક સ્થિતિ. કોઠો ૬ થો.

| કુલ | | જૈન વસ્તી | | કુંવારા | | પરણેલા | | વિધૂર | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉમર | સઘળા | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| | ૪૫૦૭૯ | ૨૪૨૩૮ | ૨૦૮૪૧ | ૧૧૬૨૯ | ૬૬૯૫ | ૧૦૧૪૮ | ૯૫૭૮ | ૨૪૬૧ | ૪૫૬૮ |
| ૦–૧ | ૧૩૧૯ | ૬૭૨ | ૬૪૭ | ૬૬૯ | ૬૩૭ | ૨ | ૬ | ૧ | ૪ |
| ૧–૨ | ૧૧૧૮ | ૫૭૧ | ૫૪૭ | ૫૬૫ | ૫૩૫ | ૫ | ૮ | ૧ | ૪ |
| ૨–૩ | ૧૧૨૦ | ૫૫૦ | ૫૭૦ | ૫૪૩ | ૫૫૨ | ૭ | ૧૫ | ... | ૩ |
| ૩–૪ | ૧૧૫૪ | ૫૭૩ | ૫૮૧ | ૫૫૯ | ૫૬૦ | ૧૧ | ૧૬ | ૩ | ૫ |
| ૪–૫ | ૧૧૧૬ | ૫૬૪ | ૫૫૨ | ૫૫૦ | ૫૩૩ | ૧૨ | ૧૪ | ૨ | ૫ |
| ૦–૫ | ૫૮૨૭ | ૨૯૩૦ | ૨૮૯૭ | ૨૮૮૬ | ૨૮૧૭ | ૩૭ | ૫૯ | ૭ | ૨૧ |
| ૫–૧૦ | ૫૦૯૯ | ૨૬૯૫ | ૨૪૦૪ | ૨૫૫૪ | ૨૧૧૧ | ૧૩૧ | ૨૭૭ | ૧૦ | ૧૬ |
| ૧૦–૧૫ | ૫૦૨૨ | ૨૭૪૬ | ૨૨૭૬ | ૨૪૩૪ | ૧૪૨૯ | ૨૯૧ | ૮૦૨ | ૨૧ | ૪૫ |
| ૧૫–૨૦ | ૪૧૪૭ | ૨૨૨૫ | ૧૯૨૨ | ૧૨૫૬ | ૧૨૬ | ૯૨૩ | ૧૬૮૨ | ૪૬ | ૧૧૪ |
| ૨૦–૨૫ | ૪૩૫૩ | ૨૨૫૩ | ૨૧૦૦ | ૮૧૯ | ૬૪ | ૧૩૬૮ | ૧૮૬૪ | ૬૬ | ૧૭૨ |
| ૨૫–૩૦ | ૩૯૪૪ | ૨૦૯૪ | ૧૮૫૦ | ૪૪૮ | ૪૨ | ૧૫૨૦ | ૧૫૦૦ | ૧૨૬ | ૩૦૮ |
| ૩૦–૩૫ | ૩૫૯૩ | ૧૯૯૦ | ૧૬૦૩ | ૩૫૫ | ૩૦ | ૧૪૪૭ | ૧૧૬૩ | ૧૮૮ | ૪૧૦ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫–૪૦ | ૩૦૪૩ | ૧૬૯૩ | ૧૩૫૦ | ૨૬૦ | ૧૪ | ૧૧૮૪ | ૭૯૬ | ૨૪૯ | ૫૪૦ |
| ૪૦–૪૫ | ૨૬૯૨ | ૧૪૮૯ | ૧૨૦૩ | ૨૧૦ | ૨૨ | ૯૭૨ | ૬૦૭ | ૩૦૭ | ૫૭૮ |
| ૪૫–૫૦ | ૨૨૧૬ | ૧૨૫૮ | ૯૫૮ | ૧૪૬ | ૨૨ | ૭૪૦ | ૩૫૬ | ૩૭૨ | ૫૮૦ |
| ૫૦–૫૫ | ૧૮૧૭ | ૧૦૩૯ | ૭૭૮ | ૯૭ | ૮ | ૬૮૪ | ૨૪૨ | ૩૩૮ | ૫૨૮ |
| ૫૫–૬૦ | ૧૩૩૭ | ૭૨૩ | ૬૧૪ | ૬૨ | ૫ | ૩૯૩ | ૧૨૦ | ૨૬૮ | ૪૮૯ |
| ૬૦–૬૫ | ૧૦૨૦ | ૫૫૨ | ૪૬૮ | ૪૮ | ૨ | ૨૮૫ | ૬૧ | ૨૧૯ | ૪૦૫ |
| ૬૫–૭૦ | ૪૬૭ | ૨૭૨ | ૧૯૫ | ૧૭ | ૧ | ૧૨૯ | ૨૬ | ૧૨૬ | ૧૬૮ |
| ૭૦ થી ઉપરની ઉમરના | ૫૦૨ | ૨૭૯ | ૨૨૩ | ૩૭ | ૨ | ૧૨૪ | ૨૩ | ૧૧૮ | ૧૯૮ |

# મુંબઈ ઈલાકો

## જૈનોની કેળવણી સંબંધી સ્થિતિ.

### કોઠો ૭ મો.

| કુલ | | જૈન વસ્તી | | ભણેલા | | અભણ | | અંગ્રેજી ભણેલા | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉમર | સઘળા | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| | ૧૯૯૮૦૮ | ૧૦૯૬૩૩ | ૯૦૧૭૫ | ૫૨૩૩૨ | ૮૩૪૮ | ૫૭૩૦૧ | ૮૧૮૨૭ | ૭૩૭૧ | ૨૫૩ |
| ૦–૫ | ૨૫૭૯૦ | ૧૨૭૭૭ | ૧૩૦૧૩ | ૦ | ૦ | ૧૨૭૭૭ | ૧૩૦૧૩ | ૦ | ૦ |
| ૫–૧૦ | ૨૩૬૦૧ | ૧૨૩૧૬ | ૧૧૨૮૫ | ૨૮૦૦ | ૯૯૪ | ૯૫૧૬ | ૧૦૨૯૧ | ૨૪૫ | ૧૭ |
| ૧૦–૧૫ | ૨૨૪૩૮ | ૧૨૧૨૨ | ૧૦૩૧૬ | ૪૭૧૩ | ૧૪૫૨ | ૭૪૦૯ | ૮૮૬૪ | ૬૧૬ | ૩૭ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫–૨૦ | ૧૯૪૦૧ | ૧૦૮૪૯ | ૮૫૫૨ | ૬૭૩૧ | ૧૫૧૪ | ૪૧૧૮ | ૭૦૩૮ | ૧૨૨૩ | ૬૨ |
| ૨૦ ની ઉપરની ઉમરના | ૧૦૮૫૭૮ | ૬૧૫૬૯ | ૪૭૦૦૯ | ૩૮૦૮૮ | ૪૩૮૮ | ૨૩૪૮૧ | ૪૨૬૨૧ | ૫૨૮૭ | ૧૩૭ |

# રજપુતાના એજન્સી

## જૈનોની કેળવણી સંબંધી સ્થિતિ

### કોઠો ૮ મો.

| કુલ | | જૈન વસ્તી | | ભણેલા | | અભણ | | અંગ્રેજી ભણેલા | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઉમર | સઘળા | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| | ૩૦૦૭૪૮ | ૧૪૬૦૦૪ | ૧૫૪૭૪૪ | ૭૫૮૨૦ | ૪૨૬૨ | ૭૦૧૮૪ | ૧૫૦૪૮૨ | ૨૫૩૦ | ૬૩ |
| ૦–૫ | ૪૨૦૨૬ | ૨૧૦૧૯ | ૨૧૦૦૭ | ૦ | ૦ | ૨૧૦૧૯ | ૨૧૦૧૭ | ૦ | ૦ |
| ૫–૧૦ | ૩૫૬૩૪ | ૧૮૨૩૪ | ૧૭૪૦૦ | ૩૮૦૦ | ૩૫૩ | ૧૪૪૩૪ | ૧૭૦૪૭ | ૧૪૧ | ૪ |
| ૧૦–૧૫ | ૩૨૪૫૫ | ૧૬૬૮૪ | ૧૫૭૭૧ | ૬૫૨૬ | ૫૧૯ | ૧૦૧૫૮ | ૧૫૨૫૨ | ૨૯૧ | ૪ |
| ૧૫–૨૦ | ૨૭૦૫૩ | ૧૩૦૩૬ | ૧૪૦૧૭ | ૯૨૩૪ | ૬૦૮ | ૩૮૦૨ | ૧૩૪૦૯ | ૪૭૨ | ૧૧ |
| ૨૦ ની ઉપરની ઉમરના | ૧૬૩૫૮૦ | ૭૭૦૩૧ | ૮૬૫૪૯ | ૫૬૨૬૦ | ૨૭૮૨ | ૨૦૭૭૧ | ૮૩૭૬૭ | ૧૬૨૬ | ૪૪ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુરૂજીની ઉપાસના.

( ૨ )

સદ્દગુરૂના ઓળખાણ સંબંધમાં આપણે વિચારી ગયા. હવે તો માત્ર એટલું જ અવધારવાનું રહે છે કે ઉપાસના કે સેવા કરવી કેવી રીતે ?

શાસ્ત્રગ્રંથોમાં મુનિ-શુશ્રૂષા કરવા માટે નિમ્ન પ્રકારો દ્રષ્ટિગોચર થાય છે.

૧ નમણુ-વંદનાદિકથી બહુમાન કરવું.

૨ વસવાને સારૂ સ્થાન આપવું.

૩ આહાર-પાણી માટે જોગવાઇ કરવી.

૪ વસ્ત્ર-પાત્રની જરૂરીઆત જણાયતો તે પૂરા પાડવાં.

૫ માંદગી આદિ કારણ પરત્વે ઔષધ પ્રમુખની વ્યવસ્થા કરવી.

૬ જ્ઞાનાર્જનમાં ખપ હોય તેવા સાધનોની સગવડ કરી આપવી.

૭ ચારિત્ર પાલનમાં ઉપયોગી થઇ પડે તેવા ઉપકરણોનું દાન દેવું.

૮ મુનિના અવર્ણવાદ કદિ પણ ન બોલવા.

આ આઠ પ્રકારમાં ગુરૂભક્તિ સંબંધી ઘણીખરી બાબતનો સમાવેશ થઇ જાય છે. એમાં મન, વચન અને કાયારૂપ ત્રણ યોગની શુદ્ધિની જરૂર તો છે જ. તે વગર એક પણ કરણી યથાર્થ ફળદાયિની નથી બની શકતી.

હવે જે વિચારણાનો મુદ્દો છે તે એ છે કે જ્યારે ઉપાસના પરત્વેની પરિસ્થિતિ આ પ્રકારની છે ત્યારે આજે વિષમ સ્થિતિ નજરે ચઢે છે અને ખુદ મુનિવર્ગમાં પરસ્પર અસૂયાદિ વર્તે છે, તેમાં શ્રાવકોને હાથાભૂત ધરવામાં આવે છે તે શું વ્યાજબી છે ? ગુરૂમહારાજની આજ્ઞાના નામે તે ચલાવી લેવા યોગ્ય છે ?

આજે તો વસ્ત્રપાત્ર ને પુસ્તકાદિના સંગ્રહમાં ભાગ્યેજ મર્યાદાના દર્શન થાય છે. એને લગતા નાના-મોટા સૌ કોઇના સંગ્રહો જુદા હોય જ ! એ પરિગ્રહ છે એ વાત જ લગભગ ભૂલાઇ ગઇ છે. વળી એવી મનોદશા વર્તતી જોવાય છે કે મુનિ મહારાજે કહ્યું કે આ છપાવવું એટલે એ સંબંધમાં છપાવવાના લાભાલાભ પરત્વે-વસ્તુની ઉપયોગિતા માટે જરા પણ વિચાર કર્યા વગર માત્ર છપાવી દેવું. શ્રાવકો ભલે આને ગુરૂઆજ્ઞા ગણી-ભક્તિ સાચવ્યાનો દાવો કરે પણ આ જાતની પ્રવૃત્તિથી પણ ક્લેશનો વધારો થયો છે. વળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિશ્રીના લખાણો કેટલીક વાર તો ચર્ચાના પુરાણો હોવા છતાં ધર્મરક્ષણના ઓઠા હેઠળ શ્રાવકો પોતાની સહીથી છપાવે છે! શું એક પ્રકારનું આ ખોટું આચરણ નથી? ગુરૂજીની ભક્તિના નામે આ એક જાતનું અણછાજતું આચરણ શ્રાવકો ચલાવે છે અને પોતે ધર્મનું મહાન્ કાર્ય કરે છે એમ માને છે. કેટલાક તો નાના સાધુઓના ખાનગી ભંડારો પોતાના ઘરમાં રાખે છે! આમાં આત્મ–કલ્યાણનો પારો કેટલી ડીગ્રી આગળ વધે છે એનો જ્ઞાની જ કહી શકે, છતાં એની માઠી અસર તો આજે સ્પષ્ટ જણાય છે. કે સાધુઓમાં અરસ–પરસના વૈમનસ્ય પાર વિનાના વધી પડ્યા છે. વળી 'મૂર્છા એટલે જ પરિગ્રહ' એવી વ્યાખ્યા જાણતા છતાં આજે એ તરફ દુર્લક્ષ્ય કરી વસ્ત્રપાત્ર, કબાટ ને પુસ્તકાદિનો સંગ્રહ યથેચ્છ પ્રકારે કરવામાં આવે છે અને એથી ઉપાસક વર્ગમાં–શ્રાવક સમુદાયમાં આ અમુકના રાગી અને ફલાણા અમુકના ભક્ત એવા ભાગલા પડવા માંડ્યા છે. આ બધું ગુરૂદેવની ભક્તિના સ્વાંગ તળે ચાલી રહ્યું છે છતાં ભાગ્યેજ કોઈ બુદ્ધિમાન આવા વર્તનને ભક્તિ ગણવા તૈયાર થાય. શાસ્ત્રો પણ આ જાતની ઉપાસનાને શ્રાવકના છ કાર્યોમાંનું એક નથી કહેતાં. આથી તો સત્સંગ વેગળો જાય છે. સાધુ અને શ્રાવક એમ ઉભય વર્ગને આથી નુકશાન પહોંચે છે.

શ્રાવક વર્ગે આ રીતમાં અવશ્ય સુધારો કરવાથી જરૂર છે. એથી આત્મ-હિત સધાવાના સ્થાને પ્રત્યક્ષ અહિત થઇ રહ્યું છે. એ તરફ જરા પણ આંખ-મીંચાણા હવે વધુ સમય ચાલુ રહેશે તો પરિણામ ભયંકર આવશે.

ભક્તિના માર્ગનું બરાબર સ્વરૂપ સમજી લઇ તે પ્રમાણે વર્તવાની જરૂર છે. એ ઉપરાંતના કોઇ પણ કદાગ્રહને ગુરૂઆજ્ઞાને નામે કે ધર્મને બ્હાને અથવા તો મુનિભક્તિને નિમિત્તે પોષવાની જરા પણ જરૂર નથી.

આવું જ આજે ઉભા થતાં ગુરૂમંદિરો પરત્વે કહી શકાય. જ્યાં આજે જિનબિંબોની પૂજામાં ત્રુટિઓ પડવા લાગી છે અને કેટલેક સ્થળે અપૂજ ન રહે એ સારૂ પૂજારી રાખવા પડે છે ત્યાં આ ગુરૂબિંબો સ્થાપવામાં જરૂર ઉતાવળ થાય છે. ગુરૂ મુર્તિઓએ કંઇ દેશમાં જાહેર જગ્યા પર ખડા કરવામાં આવતાં બાવળા નથી કે જેની પૂજા માટે કોઇ જાતના પ્રબંધની અગત્ય નથી. પ્રતિષ્ઠા થયા બાદ આ બિંબોની અહર્નિશ પૂજા થવી જ જોઇએ માટે આ વસ્તુ વિચારણીય છે. ગુરૂ ઉપાસનાના નામે આ સર્વ ચલાવી લેવું વ્યાજબી નથી.

લે૦

ચોકસી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રાવક આચાર.

[ ગતાંક પૃષ્ઠ ૨૮૫ થી શરૂ. ]

ધન ઉપાર્જન કરવાતત્પર થયેલા પુરૂષે અતિકલેશ, ધર્મ વિરૂદ્ધ નીચ જનોની સેવા અને વિશ્વાસઘાત એ કદિ કરવા નહિં.

લેવા-દેવામાં પુરૂષે પોતાના વચનનો લોપ કદિ કરવો નહિં, કારણ કે પોતાના વચનો પાળનાર પુરૂષ હમેશાં પ્રતિષ્ઠાને પામે છે.

સર્વસ્વનો નાશ થતાં ધીર પુરૂષે પોતાનું વચન પાળવું, અલ્પ લાભ માટે પોતાના વચનનો ભંગ કરનાર વસુરાજાની જેમ દુ:ખી થાય છે.

એ પ્રમાણે યોગ્ય વ્યવહારમાં તત્પર રહેતાં દિવસનો ચોથો પહોર વ્યતીત કરતાં વાળુ કરવા માટે શ્રાવક પોતાને ઘેરે જાય; પરંતુ જેમણે એકાસણા વગેરેનું પચ્ચખ્ખાણ કરેલું હોય તે સાંજે પ્રતિક્રમણ કરવા મુનિ-સ્થાને જાય.

સુજ્ઞ શ્રાવક દિવસના આઠમે ભાગે-ચાર ઘડી દિવસ રહ્યો હોય ત્યારે વાળુ કરે, પરંતુ સાંજે કે રાત્રીના ભોજન ન જ કરે.

સંધ્યાકાળે આહાર, મૈથુન, નિદ્રા અને સ્વાધ્યાય એ ચાર કર્મોનો વિશે-ષથી ત્યાગ કરવો; કારણ કે આહાર કરવાથી વ્યાધિ થાય, મૈથુન કરવાથી ગર્ભમાં રહેલ બાળક દુષ્ટ થાય, નિદ્રાથી ભૂતાદિકનો ઉપદ્રવ થાય અને સ્વા-ધ્યાય કરતાં બુદ્ધિમાં હીનપણું પ્રાપ્ત થાય.

વાળુ કર્યા પછી દુવિહાર, ત્રિવિહાર કે ચોવિહારનું પ્રત્યાખ્યાન કરવું.

રાત્રિભોજનના દોષને જાણનાર જે શ્રાવક પ્રભાતે અને સાંજે બબે ઘડી વર્જે, તે પુણ્યનું ભાજન થાય છે. જે ભાગ્યશાળી શ્રાવક રાત્રિના ભોજનની વિરતી એટલે સર્વથા ત્યાગ કરે છે તેને પોતાના અર્ધા આયુષના ઉપવાસનું અવશ્ય ફળ મળે છે.

રાતદિવસ ખાનાર મનુષ્ય મનુષ્ય છતાં કેવળ પશુ જ છે.

રાત્રિ ભોજન કરવાથી મનુષ્યો ઘુવડ, કાગડા, બિલાડા, ગીધ, શાંબર, ભૂંડ, સર્પ, વીંછી કે ગરોળી જેવા નીચ અવતાર પામે છે.

રાત્રે હોમ, સ્નાન, શ્રાદ્ધ, દેવપૂજા, કે દાનનો નિષેધ કરેલો છે અને રાત્રિભોજન તો વિશેષથી નિષેધ કરેલ છે.

એ પ્રમાણે ચતુર અને ન્યાયથી શોભતો જે પુરૂષ દિવસના ચારે પહોર વ્યતીત કરે તે શ્રાવક બારમા દેવલોકની સંપત્તિ અવશ્ય પામે છે. —ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર–સમાલોચના.

**સુજશવેલી ભાસ**—સંપાદક મોહનલાલ દલીચંદ દેશાઇ એડવોકેટ. પ્રકાશક–જ્યોતિ કાર્યાલય' રતનપોળ–અમદાવાદ. આ લઘુ બુકમાં શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીના ગુણાનુવાદ ( સુજસવેલડી ) પદ્યમાં ચાર ઢાળમાં આચાર્ય શ્રી હીરવિજયજીસૂરિના પ્રશિષ્ય મુનિ કાંતિવિજયજીએ સં. ૧૭૪૫ લગભગમાં બનાવેલી છે. સંપાદક બંધુશ્રી મોહનલાલભાઇએ આ લઘુગ્રંથની પ્રસ્તાવનામાંજ શ્રીમદ્ યશોવિજયજી મહારાજનો ટૂંક પરિચય આપવામાં સારો પ્રયાસ કરેલો છે. પાછળ સુજસવેલીને સાર અને ટિપ્પણીઓ આપી આ લઘુગ્રંથ સંકલનાપૂર્વક ઐતિહાસિક દ્રષ્ટિએ તૈયાર કર્યો છે. જ્યોતિ ગ્રંથમાળા કાર્યાલયનું આ ચોથું પુષ્પ છે અને જે ખાસ ઉપયોગી છે. કિંમત ત્રણ આના યોગ્ય છે.

## જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ—સચિત્ર.

### લેખક–શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇ એડવોકેટ.

આ ગ્રંથમાં લગભગ ૨૪૩૦ વર્ષનો એટલે શ્રી મહાવીરસ્વામીના સમયથી સં. ૧૯૬૦ સુધીનો શ્વેતાંબર જૈન સાહિત્યનો ક્રમબદ્ધ ઇતિહાસ લખાયેલો છે. કો' પણ દર્શન કે સમાજને પોતાના પ્રમાણો સહિત ઇતિહાસ વગર પોતાની પ્રાચીનતા, સનાતનના, ગૌરવતા અને પ્રતિષ્ઠા વગેરે અન્ય દર્શનકારોને બતાવી શકાતાં નથી. ઇતિહાસ એ સાહિત્યનું મુખ્ય અને જરૂરીયાતવાળું અંગ હોવાથી જૈન ધર્મના ઐતિહાસિક આવું સાહિત્ય પ્રમાણો સહિત જેટલું વિશેષ પ્રકટ થાય, સંશોધન થાય તેટલું વિશેષ આવકારદાયક છે. આ ગ્રંથ પણ બંધુશ્રી મોહનલાલે ઘણો જ પ્રયત્ન સેવી વસ્તુ સંકલના એકઠી કરી, ક્રમશર આ ગ્રંથ કેટલા પ્રમાણો સહિત તૈયાર કરેલ છે, જે ઇતિહાસ પ્રેમીઓ માટે તો તે વધાવી લેવા જેવું છે. આ ઇતિહાસ આઠ વિભાગમાં ૫૬ પ્રકરણોમાં અને ટિપ્પણો સહિત ૮૩૨ પૃષ્ઠમાં પૂરો થાય છે. પાછળ વિસ્તૃત અનુક્રમણિકા, ગ્રંથકારો, લેખકો તથા સૂરિઓ, સંસ્કૃત–પ્રાકૃત ગ્રંથકૃતિ, તીર્થંકરો, મંદિરો, અપભ્રંશગ્રંથકૃતિ, રાજાઓ, ગુજરાતી આદિ ગ્રંથો ઐતિહાસિક સાધનો, વગેરેની અનુક્રમણિકા આપી જૈન કે જૈનેતર ઐતિહાસિક લેખ, ગ્રંથ, નિબંધ કે હિંદના ઇતિહાસ લખનાર મહાશયને મોહનલાલ ભાઇએ આ ગ્રંથ તૈયાર કરી એક ઉપયોગી સાધન કરી આપેલ છે કે જે માર્ગદર્શક થયેલ છે. ઇતિહાસપ્રેમી કોઇ પણ મનુષ્ય આ ઐતિહાસિક લેખ માટે પ્રશંસા કરે તેવું છે. દરેક લાઇબ્રેરી કે જ્ઞાનભંડાર માટે તે ખાસ જરૂરીયાતવાળો ગ્રંથ છે. જુદા જુદા ૬૦) ચિત્રો તેના પરિચય સાથે આપી તે તે વિષયને લગતા સંગ્રહ કરી આ ગ્રંથમાં મૂકી ગ્રંથને વિશેષ મહત્વતાવાળો બનાવ્યો છે. શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ ઓફીસે આ ગ્રંથની મહત્તા સમજી પ્રગટ કરેલો છે તે ખુશી થવા જેવું છે. આ ગ્રંથની પ્રસ્તાવના કે જે લેખકે લખી છે તે વાંચવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાસ સુચના કરીએ છીએ. અમારા અભિપ્રાય મુજબ આ ગ્રંથનું કદ વધારે મ્હોટું રાખવા જરૂર હતી. કિંમત ૭ રૂપીયા–મળવાનું ઠેકાણું શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ ઓફીસ મુંબઇ પાયધુની.

## આર્હત્જીવન જ્યોતિ–સચિત્ર.

### ( પ્રથમ કિરણાવલી. )

પ્રયોજક અને સંપાદક પ્રો૦ હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ, એ. અને પ્રકાશક બાબુ સાહેબ જીવનલાલ પન્નાલાલ મુંબઇ મલબારહીલ. કિંમત પાંચ આના.

જૈન સમાજની સ્વતંત્ર નિશાળોમાં ભણતા બાળકો માટે ધાર્મિક શિક્ષણનાં પાઠ્ય પુસ્તકો અને અભ્યાસક્રમ માટેના પ્રશ્નનું હજી કંઇ પણ નિરાકરણ થયું નથી. ધાર્મિક શિક્ષણના પાઠ્ય પુસ્તકો તૈયાર કરવા પચીશ વર્ષ પહેલાં માંગરોળનિવાસી શેઠ અમરચંદ તલકચંદને વિચાર ઉદ્ભવ્યો હતો, અને તેથી તેમણે અત્ર નિવાસી અને આ સભા મુખ્ય સંસ્થાપક વકીલ મૂળચંદ નથુભાઇ, શાસ્ત્રી નર્મદાશંકર દામોદર અને પાછળથી મોરબીનિવાસી શ્રીયુત મનસુખલાલ કીરતચંદ મહેતા પાસે સદ્ગત અમરચંદ શેઠે તૈયાર કરાવેલ તે તે વખતે અને પાછળથી શ્રી શ્રેયસ્કર મંડળે તે સુધારાવધારા સાથે પ્રકટ કરેલ છે. ત્યારબાદ આકિરણાવલીના પ્રકાશક બાબુ સાહેબ જીવણલાલજી તરફથી કાચી વયના બાળકોને ધાર્મિક સંસ્કાર બાળપણથી ટકી રહે અને તેનો વિકાસ થતો રહે તે આશયથી શિક્ષણશ્રેણીતૈયાર કરવાનું કામ કિરણાવલીના સંપાદકને સોંપવામાં આવ્યું અને કેટલાક વખત પછીના પ્રયાસે આ પ્રથમ કિરણ પ્રગટ કરવામાંઆવ્યું. છે; જેમાં જૈનધર્મમાં થતી ક્રિયાઓમાં ઉપયોગમાં લેવામાં આવતી વસ્તુઓની સચિત્ર સમજ આપવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે. જો કે જૈન ધાર્મિક શિક્ષણના પાઠ્ય પુસ્તકોની જરૂરીયાત છે, હતી એમ તો અમો પ્રથમ દરજ્જે સ્વીકારીએ છીએ પરંતુ આ બુક વાંચતાં તે માંહેની ભાષા, શબ્દો પહેલી ગુજરાતી બુક શિખનાર બાળક ન સમજી શકે તેવા કેટલા એક અઘરા પણ જણાયા છે. જે ઉદ્દેશાનુસાર આવા પુસ્તકો તૈયાર કરવામાં આવે છે તે ઉદ્દેશ બરાબર સચવાય છે કે કેમ ? અથવા ગ્રહણ કરવા માટે બંધબેસતા થઇ શકશે કે કેમ ? તે એક ભવિષ્ય માટે વિચારણીય પ્રશ્ન છે. આ બુક સુંદર ટાઇપ અને સારા કાગળોમાં છપાયેલ છે, તેમજ સંપાદક શ્રીયુત હીરાલાલ ભાઇની સાહિત્યસેવા જાણીતી છે અને તેઓ સાહિત્યના અભ્યાસી હોવાથી તે અભ્યાસનો અનુભવ આ શ્રેણીમાં બતાવ્યો છે. સંપાદકનો આ પ્રયત્ન હવે પછીની દરેક કિરણાવલી શ્રેણીમાં ઉત્તરોત્તર સફળ નિવડે એમ ઇચ્છીએ છીયે. આ પુસ્તક પ્રથમ ( પહેલી ચોપડી ) હોવાથી પાંચ આના એ તેની કિંમત કંઇ વિશેષ છે, પ્રકાશક મહાશય હવે પછીની શ્રેણીમાં તે ધ્યાનમાં લેશે એમ સૂચના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ચંદ્રનાથ**–બંગાળીમાં મૂળ લેખક શ્રી શરદચન્દ્ર ચટ્ટોપાધ્યાય (શરદ ગ્રંથાવળીનું ચોથું પુસ્તક) પ્રગટ કર્તા **ગુર્જર ગ્રંથકાર્યાલય** અમદાવાદ. અનુવાદક નગીનદાસ પારેખ બંગાળી નવલકથાકારમાં શ્રી શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય સૌથી અગ્રસ્થાને છે. એમની નવલકથાઓ વાચકને મુગ્ધ બનાવી દે છે. આ નવલકથામાં સુંદર રસશૈલી સમર્થ વિવેચન અને બંગાળનું ગૃહ અને ગ્રામ્ય જીવન સમજવામાં આ નવલકથા મદદગાર થઇ શકે તેમ છે. કથાની સંકલના, વસ્તુસ્વરૂપ બહુ સુંદર રૂપરંગમાં લખાયેલ છે. આવી નવલકથાઓ પ્રગટ કરવામાં પ્રકાશકે કથાસાહિત્યમાં વૃદ્ધિ કરી છે. કિંમત ચૌદ આના અમદાવાદ ગાંધીરોડ–પ્રકાશકને ત્યાંથી મળશે.

---

**પ્રાણીવર્ણન**–( બાળગ્રંથાવલી પુસ્તક ૧૩ મું. ) સંપાદક રમણલાલ નાનાલાલ પ્રકાશક શ્રી ગુર્જરગ્રંથરત્ન કાર્યાલય–અમદાવાદ. લેખક ચંદ્રશંકર મણિશંકર ભટ્ટ. કિંમત ચાર આના.

બાળવયમાં પશુ–પક્ષીઓનો પરિચય અને વળી તે જ્ઞાન થવા સાથે આનંદ થાય તેવું બાળગ્રંથાવળીનું આ પુસ્તક સચિત્ર. બાળક–બાળકીઓ માટે પઠનમાં રસભર્યું આકર્ષક બને છે. શરૂઆતના શિક્ષણ માટે લઘુવયના બાળકો માટે ખાસ ઉપયોગી છે. ભાષા પણ સરલ છે. બાળકો માટે એક ઉપયોગી વસ્તુ બનેલ છે. પ્રકાશકને ત્યાં મળે છે.

---

**पउमचरियम्**—(પ્રકરણ ૨૭ અને ૨૮) ઉચ્ચ શિક્ષણ ( કોલેજ )ના વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસમાં સરલ થઇ પડે સમજ પડે, તે રીતે આ બુકમાં ઉપયોગી પ્રસ્તાવના નોટસ, અને સરલ રીતે ઇંગ્લીશમાં તરજુમો એસ. સી. ઉપાધ્યાય બી. એ. અને ઉપયોગી ફોરવર્ડઝ કે. વી. અભયંકર એમ. એ. જેવા શિક્ષણના વિદ્વાન પુરૂષો પાસે તૈયાર કરાવી પ્રકાશક આર. પી. કોઠારીની કંપનીએ આ ચરિત્રગ્રંથના ઉપરોક્ત પ્રકરણ તૈયાર કરાવેલ છે. જૈન પ્રાચીન કથાનુયોગના માગધી ભાષાના સાહિત્યનો ઇંગ્રેજી શિક્ષણ પામતાં કે પામેલાઓ માટે આવી કૃતિ ઉપયોગી અને આવકારદાયક છે. કિંમત બાર આના. ઠેકાણું માંડવીની પોળ–અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી પ્રભાચંદ્રસૂરિ વિરચિત.

# શ્રીપ્રભાવકચરિત્ર.

### ભાષાંતર.

ઐતિહાસિક સાહિત્યનો આ ગ્રંથ વર્તમાન કાળના બાવીશ પ્રભાવક આચાર્ય મહારાજના જીવન ઉપર કર્ત્તા મહાપુરૂષે સારો પ્રકાશ પાડયો છે. જે જે મહાન આચાર્યનો પરિચય આપ્યો છે તેમાં તે સમયની સામાજિક ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ ઐતિહાસીક દ્રષ્ટિએ આપી સુંદર કથાનક, (ભાષાંતર) પ્રમાણિક ઇતિહાસ ગ્રંથ બનાવ્યો છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજે ઐતિહાસિક દ્રષ્ટિએ પર્યાલોચના લખી તે ગ્રંથની રચનામાં સુંદરતા વધારી પ્રમાણિક જૈન કથા સાહિત્યમાં ઉમેરો કર્યો છે, એવી સરલ, સુંદર અને સંકલના પૂર્વક રચના કરેલ છે કે જેથી આ ગ્રંથ જૈન શિક્ષણશાળાઓ માટે ધાર્મિક અભ્યાસક્રમમાં સ્થાન મેળવે તેમ છે, આ એક ઉપયોગી ઇતિહાસિક કથા સાહિત્ય હોવાથી દરેક પઠન પાઠનમાં રસ ઉત્પન્ન કરે તેવું છે. કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ જુદું.

---

### શ્રી વિમલાચાર્ય રચિત

**શ્રી સંવેગદ્રુમકન્દલી**—મૂળ સાથે ભાષાંતર સંસારની આધિ, વ્યાધિ ઉપાધિથી બળીઝળી રહેલા આત્માને અપૂર્વ ઔષધરૂપી પરમશાંતિ પ્રગટ કરાવે તેવો અને સંવેગ માર્ગ તરફ લઇ જનાર લઘુ ગ્રંથ છે. મૂળ સુંદર સંસ્કૃત ભાષામાં રચેલ તે સાથે તેનું ગુજરાતી ભાષાંતર આ બુકમાં આપવામાં આવેલું છે. આ લઘુ છતાં આધ્યાત્મિક સાહિત્યનો ઉંચ કોટીનો ગ્રંથ છે. ઉંચા કાગળ સુંદર શાસ્ત્રી ટાઇપ અને સુશોભિત બાઇડીંગમાં અલંકૃત કરાવેલ છે. સૌ કોઈ લાભ લે તે માટે માત્ર ચાર આના (પોસ્ટેજ સવા આનો જુદો) કિંમત રાખવામાં આવેલ છે.

---

## "નવું પ્રકટ થતું જૈન સાહિત્ય."

૧ શ્રી કર્મગ્રંથ (ચાર) શ્રી દેવેન્દ્રસૂરિકૃત (સ્વોપજ્ઞ) ટીકા સહિત—બત્રીશ ફોર્મ પોણાત્રણશેંહ પાના ( સુપરરોયલ આઠ પેજી સાઇઝ ) ક્રોક્ષલીલેઝર કિંમતિ કાગળો ઉપર મુંબઇ શ્રી નિર્ણયસાગર પ્રેસમાં શાસ્ત્રી સુંદર વિવિધ ટાઇપોથી છપાવેલ છે. બાઇડીંગ ( પુંઠા ) પાકું સુશોભિત ટકાઉ કપડાથી તૈયાર કરાવવામાં આવેલ છે. આવતા માસમાં પ્રકટ થશે. પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ છપાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૧ મું. વીર સં. ૨૪૬૦. અષાઢ આત્મ સં. ૩૯. અંક ૧૨ મો.

ઉત્તમ સાહિત્યદ્વારા આપણે દેશ અને કાળની મર્યાદા તોડીને અનેક લોકો સાથે બુદ્ધિનો અને હૃદયનો, વિચારનો અને પ્રેરણાનો સંબંધ બાંધી શકીએ છીએ.

પુસ્તકોદ્વારા પ્રત્યક્ષ વ્યક્તિની દરમ્યાનગીરી વગર આપણે જ્ઞાન સંસ્કારિતા, આનંદ અને પ્રેરણા મેળવીએ છીએ; છતાં ગ્રંથપાળ વગરતું પુસ્તકાલય મડદા જેવું છે. ગ્રંથપાળ અસંખ્ય ગ્રંથકારો વચ્ચે અને પ્રજા વચ્ચે આધ્યાત્મિક સંબંધ બાંધી આપનાર ગોર છે. ગોરનો મૂળ અર્થ જો ગુરૂ હોય તો એ ગુરૂ છે, પણ ગુરૂ કરતાં વધારે એ હિતસ્વી મિત્ર છે, સ્નેહી છે, સુહૃદ છે. શું ચાહવું ને શું પસંદ કરવું એ શીખવનારને જો આપણે કલાધર કહેતા હોઈએ, તો ગ્રંથપાળ એ કલાધર પણ છે; એ તો નિર્હેતુક પ્રેમ આખી પ્રજાને જ્ઞાનસમૃદ્ધ, સંસ્કારી અને દીનસેવક બનાવવાને દિનરાત મથે છે.

ઉત્તમ ગ્રંથ સંગ્રહ અને ઉત્તમ ગ્રંથપાલની યોજના ખુબ પસંદગી પૂર્વક થઈ હોય તો પ્રજા જોત જોતામાં ચડે. જૂનો જમાનો આજે હોત તો લોકો ગ્રંથપાલને મિત્રવર્ય તરીકે સંબોધત.

કાકા કાલેલકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only